ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# સંસદનો લાગણીશીલ ચહેરો

વિદાય લેતી લોકસભાના સત્રના છેલ્લા દિવસે એના એક અત્યંત માનવીય, લાગણીશીલ, સ્વરૂપની પણ ઝાંખી થઈ. જનસાધારણના માનસમાં સંસદએ કૂતરાં બિલાડાંની જેમ એકમેક સામે ઘુરકિયાં કરતા અને પ્રજાના પરસેવાની કમાણી પર તાગડધિન્ના ઉડાવતા નઠોર અને કઠોર, કહેવાતા જનપ્રતિનિધિઓની જમાત બની રહી છે. મહાત્મા ગાંધીએ છેક એકસો પાંચ વર્ષ પૂર્વે લખેલ 'હિંદ સ્વરાજ'માં પાર્લામેન્ટને વેશ્યા સાથે સરખાવી હતી અને જીવ્યા ત્યાં સુધી પોતાનો અભિપ્રાય એમણે બદલ્યો નહતો. ભારતની સંસદીય લોકશાહીનું સ્તર વરસોવરસ નીચું ને નીચું ઊતરતું રહ્યું છે. એમાં ક્યારેક પંડિત નહેરુ, સરદાર પટેલ, રામમનોહર લોહિયા, લાલબહાદુર શાસ્ત્રી, ચરણસિંહ, મોરારજી દેસાઈ, બિજુ પાટનાયક અને અટલબિહારી વાજપેયી જેવા ધુરંધર સાંસદો બિરાજતા હતા. સોમનાથ ચેટરજી, ઈન્દ્રજિત ગુપ્તા અને લાલકૃષ્ણ અડવાણી એમની પંગતમાં બેસી શકે એ ગજાના સાંસદ તરીકેની સુદીર્ઘ કારકિર્દી ધરાવે છે. સંસદના સત્રાંતે વિવિધ વર્તુળોમાંથી એમના કાર્યકાળની કદર કરતાં ભાષણો થયાં ત્યારે સ્વાભાવિક રીતે જ એ ગદ્ગદ બની ગયા. લોહપુરુષ વલ્લભભાઈ પટેલ જેવું વજ્રથી કઠોર અને કુસુમથી કોમળ વ્યક્તિત્વ ધરાવતા આ ગૃહના વરિષ્ઠતમ સાંસદ માટે ડાબેરી નેતા વાસુદેવ આચાર્યે 'ફાધર ઑફ ધ હાઉસ' જેવા શબ્દો વાપર્યા તે શું સૂચવે છે? જેની વિચારસરણી સાથે છત્રીસનો આંકડો છે આવા સાંસદ પાસેથી મળતું આ પ્રમાણપત્ર વડાપ્રધાનપદ કરતાં મૂઠી ઊંચેરું જ લેખાય. મુલાયમસિંહે પણ એમને બિરદાવ્યા અને ક્યારેક બેઉ વચ્ચે ભૂતપૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરે મનામણાં કરાવેલાં એ વાત આદર સંભારી. એમણે દુઃખ વ્યકત કર્યું કે ગૃહમાં જેમનો બધા એક અવાજે આદર કરે છે તેવા આ મહાન સાંસદને એમની જ પાર્ટીએ વિપક્ષના નેતા પદે ન રહેવા દીધા. ગૃહમાં વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજે અડવાણીના માર્ગદર્શન હેઠળ કામ કરતાં હોવાનો સ્વીકાર કરી એમનો ભવ્ય અંજલી આપી. સંસદની ગરિમાને અનુરૂપ વર્તનવ્યવહારની એમની સલાહને અનુસરીને જ તે આજની સ્થિતિએ પહોંચ્યા છે એમ કહ્યું ત્યારે અડવાણીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. આ એ જ અડવાણી છે જેમણે પક્ષને રાખમાંથી બેઠો કરી સત્તા સ્થાને પહોંચાડ્યો હતો. વાજપેયીના જમણા હાથ તરીકે એ જ પડદા પાછળના વડાપ્રધાન હતા, ભલે એમની વડાપ્રધાન બનવાની મંશા અધૂરી જ રહી ગઈ હોય. છેલ્લાં વર્ષો દરમિયાન એમની જ માતૃસંસ્થા અને પાર્ટી દ્વારા એમને ક્રૂરતાપૂર્વક હાંસિયે ધકેલી દેવાયા છે, તે જગજાહેર બાબત છે. એમને પાળેલા સાપ ડસ્યા છે. પરંતુ એ ઝેરના ઘૂંટડા ગળી જઈને હવે તેઓ પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, અટલબિહારી વાજપેયી કરતાં પણ સારા વડાપ્રધાન બનશે એવાં જાહેર નિવેદનો કરવાની ઉદારતા દાખવી રહ્યા છે. અડવાણીનાં આંસુ એમની અંતરવ્યથાની મૂક અભિવ્યક્તિ સમાં છે. એમનો લોકસભાના સદસ્ય તરીકે જ એકડો કાઢી નાખવાનો પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ અને નરેન્દ્ર મોદી જૂથનો કારસો સફળ થયો નથી. વયોવૃદ્ધ નેતાને રાજયસભામાં ચૂંટી લાવી પાર્ટી એમની રાજકીય કારકિર્દી અને મહત્ત્વાકાંક્ષા પર પૂર્ણ વિરામ લગાવી દેવા માગતી હતી. અડવાણીએ કોઠું ન આપ્યું અને લોકસભાની બેઠક પર ચૂંટાઈને જ આવવાનો અઘરો અને અનિશ્ચિત વિકલ્પ સ્વીકાર્યો તે સૂચક છે. અડવાણીની મહેચ્છા હાલ પૂરતી તો સુષુપ્તાવસ્થામાં સરી ગઈ છે પરંતુ વરસાદ પડતાંની સાથે દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરતા બહાર દોડી આવે છે તેમ એ અધૂરી વાસના ભવિષ્યમાં અનુકૂળ સંજોગો જોઈને નહીં જ ભડકે એની ખાતરી ખરી?

# રાજીવ ગાંધી ખેલ અભિયાન અને રાષ્ટ્રીય યુવા નીતિ લોન્ચીંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા.૨૨

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી રાષ્ટ્રીય યુવા નીતિ-૨૦૧૪ અને રાજીવ ગાંધી ખેલ અભિયાન યોજનાનો લોન્ચીંગ કાર્યક્રમ બ્રહ્માણી હોલ સે-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નહેરુ યુવા કેન્દ્ર અને સાઈ સંલગ્ન સંસ્થાઓ જોડાઈ હતી.

દેશના યુવાનો આવનારી પેઢીનું ઘડતર કરી રાષ્ટ્ર નિર્માણમાં સહયોગ આપવાના આશયથી તા. ૨૧ના રોજ બ્રહ્માણી હોલ, ફાર્મસી કોલેજ ખાતે ભારત સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાઈ) અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય યુવા નીતિ ૨૦૧૪ લોન્ચીંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો શુભારંભ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના વાઈસ ચાન્સેલર જતીનભાઈના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો.

યુવા નીતિ કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સંલગ્ન વિવિધ યુવા સંસ્થાઓ, મહિલા મંડળો, યુવા મંડળો જોડાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું નહેરુ કેન્દ્રના સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઝોનલ ડાયરેકટર અનિતા ભારતીએ ઉપસ્થિત યુવાનોને યુવા નીતિ અંગે આગવી શૈલીમાં વકતવ્ય પુરુ પાડયું હતું. તેમજ વી.સી. જતીનભાઈ સોની, સાઈના ડાયરેક્ટર, નાયડુએ યુવા નીતિ અંગે અલગ અલગ રીતે યુવાનોને સંબોધન કર્યું હતું. તેમજ સિન્ડીકેટ સભ્ય હિમાંશુ પટેલ, સંજીવ મહેતાએ યુવાનોને આગળ આવવા માટે હાકલ કરી હતી અને આવનારી યુવા પેઢીના ઘડતર માટે રાષ્ટ્રની નવરચનામાં યોગદાન આપવા જણાવ્યું હતું. અને કાર્યક્રમ બાદ સે-૨૩થી અરવિંદ કેન્દ્ર, જલસેવાભવનથી સાઈ ખાતે યુવા રેલી યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય યુવા નીતિ માર્ગદર્શિકાનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. એન.એન. જાની, રિયા મહેતા, જૈમિનીબેન કુલકર્ણી, સૌમિલ શાહ, પૂજા શાહ, નૈતિક પંડયા, યુવા નેતા અંકિત બારોટ, જયેશ ચૌધરી સહિત મોટી સંખ્યામાં યુવાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને નિહાળ્યો હતો.

# કોલેજોમાંથી સેમેસ્ટર પ્રથા નાબૂદ કરવા એનએસયુઆઈએ રાજયપાલને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીમાં જયારથી સેમેસ્ટર સિસ્ટમ લાગુ કરવામાં આવી છે ત્યારથી



વિદ્યાર્થીઓ ખૂબ જ હેરાનગતિ અનુભવી રહ્યા છે તેવા દાવા સાથે એનએસયુઆઈના પ્રતિનિધિઓએ રાજયપાલ કમલા બેનીવાલને સેમેસ્ટર પ્રથા નાબૂદ કરવા આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં એનએસયુઆઈએ જણાવ્યું છે કે ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટીઓમાં અને સંલગ્ન કોલેજોમાં અધ્યાપકો અને કર્મચારીઓની ખૂબ જ મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાથી શિક્ષણની ગુણવત્તા પર અસર પડી રહી છે. કોલેજો, અધ્યાપકો, કર્મચારીઓ દ્વારા ટેકનીકલ અને શૈક્ષણિક કાર્ય સમયસર પુરું કરી શકાતું નથી. આ કારણે વિદ્યાર્થીઓ પણ વિદ્યાર્થી નહીં પણ પરીક્ષાર્થી બની ગયા હોય તેવું અનુભવે છે જેથી મોટા ભાગના વિદ્યાર્થીઓ સેમેસ્ટર પ્રથાની વિરુદ્ધમાં છે તેવો આવેદનપત્રમાં દાવો કરાયો છે.

શિક્ષણની ગુણવત્તા વધારવા માટે જ સમગ્ર દેશમાં સેમેસ્ટર પધ્ધતિ લાગુ કરવામાં આવી છે તેમજ આ સિસ્ટમ એક આઈડીઅલ સીસ્ટમ ગણાવાય છે પરંતુ હાલ પરિસ્થિતિ એવી બને છે કે વિદ્યાર્થીઓ સેમેસ્ટર સિસ્ટમથી હેરાનગતિ અનુભવી રહ્યા છે. એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેખની આગેવાનીમાં ગુલાબસિંહ રાજપૂત, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, સુબ્હાન સૈયદ અને અંકિત બારોટે ગુજરાત રાજયના રાજયપાલ શ્રીમતિ કમલાદેવી બેનીવાલને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...



હું જાઉ છું.. તારી પાછળ બેઠો મને જોવે છે, તેની પાસેથી નવરાત્રી વખતે ચણિયાચોળી ભાડે લાવી હતી... પાછા આપવા ભુલી ગઇ હતી...!

**રક્તદાન - મહાદાન**

# રાંધેજા વિદ્યાપીઠમાં નેચરોપેથીસ્ટનો કોર્સ એપ્રિલમાં શરૂ થશે

સ્વ. જે.જે. બજાજ નિસગોવમાર યોગ તાલીમ અને સંશોધનકેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે નેચરોથેરાપિસ્ટ (કુદરતી ઉપચાર)નો સાડાત્રણ માસનો અભ્યાસક્રમ પ્રમાણપણ સાથેનો શરૂ થનાર છે. આ અભ્યાસક્રમમાં જોડાવવા માટે તા. ૨૫ માર્ચ પહેલાં પ્રવેશ ફોર્મ ભરવું જરૂરી છે. ધોરણ-૮ પાસ અથવા નાપાસ અભ્યાસક્રમમાં જોડાઈ શકશે.

# બાપુ કોલેજ કાર્નિવલમાં માઉન્ટ એવરેસ્ટ સર કરનાર મહિલા સંતોષ યાદવ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર-માણસા રોડ પર વાસન ખાતે આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે આજે કાર્નિવલ દ' વિલેજ નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં બાપુ નોલેજ વિલેજના ચેરમેન શંકરસિંહ વાઘેલા અને માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા પદ્મશ્રી શ્રીમતિ સંતોષ યાદવ ઉપસ્થિત રહેશે.

બાપુ નોલેજ વિલેજ કેમ્પસમાં ભાતીગળ સંસ્કૃતિનો ઉજાગર કરતો કાર્નિવલ યોજવામાં આવ્યો છે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયુંછે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને બાપુ ગુજરાત નોલેજ વિલેજના ચેરમેન શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ભારતના પ્રથમ મહિલા પદ્મશ્રી શ્રીમતિ સંતોષ યાદવ યુવાનોને પ્રોત્સાહિત કરવા હાજરી આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો તરફથી ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી છે.

# નીરવ પટેલનો જયપુર લિટરેચર ફેસ્ટીવલ વિશે વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૨૨

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે પ્રતિમાસ યોજાતા કાર્યક્રમ મુજબ ચાલુ માસે દલિત સાહિત્યકાર નીરવ પટેલના જયપુર લિટરેચર ફેસ્ટીવાલના તેમના અનુભવો વિશે વકતવ્યનો કાર્યક્રમ તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. સાહિલ પરમારે જણાવેલ છે.


# ઈન્સ્ટન્ટ મેસેજિંગ : ઝડપી, આધુનિક અને જબરદસ્ત!!!

દોસ્તના લગ્નપ્રસંગે નીકળેલા વરઘોડામાં નાચતા જીગરીનો પાડ્યો ફોટો (સેન્ડ) !! ... સવારે ઓફિસે જતા ચાર રસ્તા પર બી.એમ.ડબલ્યુના ચાલકે મારેલી એક્ટીવાને ટક્કરનો લાઈવ વિડીયો (સેન્ડ) !!.. મુંબઈમાં ગુમ થયેલી બાળકીના ફોટા સાથે એડ્રેસ અને ક્યાય જોવા મળે તો જાણ કરવાની વિનંતી સાથેનો મેસેજ (સેન્ડ) !!..સગાવહાલાને એકઠા કરીને બનાવેલા ગ્રુપમાં પારિવારિક પ્રસંગો કે સારી ખરાબ ઘટનાઓની ત્વરિત જાણ (સેન્ડ) !!..રાજકીય નેતાઓના પ્રચાર કે પછી ઠઠ્ઠા મશ્કરીવાળા કાર્ટુન્સ (સેન્ડ) !!...મુશાયરામાં કે સંગીતના જલસામાં બેઠા છો અને શેર કરવો છે સંગીતનો જાદુ તો બનાવો ઓડિયો નોટ અને કરો શેર ..આઈ મીન કરો સેન્ડ .....યસ, ઉપરનું બધું જ શેર અને સેન્ડ યાની કી વહેચી અને મોકલી શકાય છે અને એ પણ અબી ચ કે અભી ચ ...એકદમ ત્વરિત...ઈન્સ્ટન્ટ...એઝ ઈટ હેપ્પ્ન્સ ....બિલકુલ લાઈવ જ...!!! આ છે ઈન્સ્ટન્ટ મેસેજિંગનો જાદુ ...આ છે આજના યુગની ઈન્ફોર્મેશન શેરિંગ એન્ડ સેન્ડીગ...અને આને યાદ કરવાનું કારણ છે નીચેના લખાણમાં...!!!

ફેસબુકના તરવરીયા માર્કભાય ઝુગરબર્ગ વોટ્સઅપ નામના ઈન્સ્ટન્ટ મેસેજિંગ સર્વિસ પ્રોવાઈડ કરતી કમ્પનીને ૧૯ અબજ ડોલર એટલે કે અંદાજે ૧૧૮૨ અબજ રૂપિયા આપીને ખરીદવા જઈ રહ્યું છે એવા સમાચારે ૨૧ મી ફેબ્રુઆરીએ માધ્યમોમાં આગ લગાવી દીધી. છાપાઓ અને ન્યુઝ ચેનલોમાં આ સમાચાર હેડ લાઈન બની ગયા અને પાનાંઓ ભરી ભરીને કેવી રીતે સોદો થયો તેનાથી લઈને આ સોદેબાજીથી માર્ક્ભાય ને શું લાભ કે ગેરલાભ થશે કે વોટ્સઅપના માલિકો અથવા તો ટેકનો લેન્ગ્વેજમાં કહીયે તો બ્રિયાન એક્ટમ અને જૈન કોમને કેટલો ફાયદો થશે એના વિસ્તૃત અહેવાલો છપાયા કે રજુ કરાયા અને હજુ પણ છપાતા કે રજુ કરાતા રહેશે એટલે અહી એની એ જ વાત ફરીથી રજુ કરવાનો અને તમને વાચકો ને પુનરાવર્તન કરાવવાનો કોઈ જ ઈરાદો નથી. ૨૦૦૯માં જ લોન્ચ થયેલા આ મોબાઈલ મેસેજિંગ એપે ફક્ત ચાર જ વર્ષમાં આવડી મોટી રકમનો સોદો કરી બતાવ્યો એ જ બતાવે છે કે ઈન્સ્ટન્ટ મેસેજિંગની દુનિયા ધીરે ધીરે પણ નક્કર રીતે કેટલી બધી વિશાળ , લોકભોગ્ય અને માલદાર (લીટરલી !!!) બનતી જાય છે. જો કે વોટ્સ અપના માલીકોને મળનારી આવડી મોટી રકમના આ દલ્લા પાછળ માર્કની દુરન્દેશી અને સતત નવું કરતા રહેવાની સાહસવૃત્તિનો પણ એટલો જ ફાળો છે. ભલે ને માર્કે આ ડીલ એના આવીશ્કારિક સોશિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુકને પ્રાણવાયુ મળે એ સંદર્ભમાં લીધી હોય તો પણ ટચુકડા મેસેજીસ અથવા તો ત્વરિત સંદેશાઓ મોકલવાની સગવડતા આપતી આવી બીજી સેવાઓના ફેફસામાં પણ એક્સ્ટ્રા શ્વાસો તો ભરી જ દીધા છે એમ કહી શકાય. વોટ્સ અપ અને ફેસબુકના આ જોડાણને લીધે ટચુકડા મેસેજોની આપલે કરવાની સુવિધા મુહૈયા કરાવતા આ ટચુકડા ડેવલોપરોની આખી દુનિયા અચાનક જ લાઈમ લાઈટ માં આવી ગઈ અને આ ગંજાવર કહી શકાય એવી રકમનો સોદો ઈન્સ્ટન્ટ મેસેજિંગની સાવ નાનકડી ઈનિંગનો માઈલ સ્ટોન કહી શકાય.

એ એક અહમ સત્ય છે કે મનુષ્ય એ સામાજિક પ્રાણી છે, સમાજ વચ્ચે રહેવું એના માટે આવશ્યક છે અને સમાજ સાથે જોડાઈ રહેવા માટે વ્યક્તિ, સમૂહ કે સંસ્થા સાથે વાર્તાલાપ જાળવી રાખવો એ જરૂરી વસ્તુ છે. સમાચારો / સંદેશાની આપ-લે આનો એક અહમ અને મુખ્ય હિસ્સો છે. કબૂતરોના પગે બંધાતી ચિટ્ઠીઓ દ્વારા મોકલાતા સંદેશાઓના એક યુગમાંથી પસાર થતા થતા વીજાણું ક્રાંતિના પરિણામે અને સમાજના વિસ્તરેલા ફલક અને વ્યાપને ધ્યાનમાં લેતા સંદેશની આપલે ત્વરિત અથવા તો શક્ય એટલી ઝડપથી થાય એવી શોધો ક્રમે ક્રમે થતી રહી છે . મોબાઈલના આગમનની સાથે સંદેશાને વાતચીત સિવાયના પણ એક માધ્યમથી પહોચાડવાની નવી સુવિધા સામે આવી અને એ હતી એસ.એમ.એસ. યાનીકી શોર્ટ મેસેજિંગ સર્વીસીસ. ટુંકાણમાં મોકલાતા સંદેશા. ૩ ડીસેમ્બર ૧૯૯૨માં બ્રિટનમાં સૌથી પહેલો એસ.એમ.એસ. મોકલાયો ત્યારથી લઈને અત્યાર સુધીમાં સંદેશાની આ દુનિયામાં અનેકો ફેરફાર નોંધાયા છે અને વિજ્ઞાન અને ટેકનોલોજીની નિરંતર ક્રાંતિ અને નીતનવા સંશોધનોને પ્રતાપે સંદેશો મોકલવાની પદ્ધતિઓ અને સગવડતાઓમાં અભૂતપૂર્વ ફેરફારો આવેલા છે , વોટ્સઅપ એ ફેરફારો અને ક્રાંતિઓની હારમાળા ની જ એક કડી છે. બ્રિયાન એક્ટમ અને જૈન કોમ સાથે જમતા જમતા જ માર્કે લીધેલા આ કદમની વાત ને વધુ ચગળાવ્યા કરતા આવો નજર નાખીએ તમારા મોબાઈલ કે કોમ્પ્યુટર સ્ક્રીન પર ટ્રીંગ અવાજ સાથે ટપકી પડતા મેસેજીસ પ્રોવાઈડ કરતી બીજી ટોચની અને લોકપ્રિય એપ્સની આરપાર.

**રઝળપાટ**
*અજય ઉપાધ્યાય*



akurjt@gmail.com

શરૂઆતમાં અમલમાં આવેલા એસ.એમ.એસ. ની સગવડતામાં સૌથી મોટી અગવડ હતી શબ્દોની મર્યાદા. અમુક જ શબ્દો સુધીનો મેસેજ એક વખતમાં મોકલી શકાતો જો કે મોબાઈલ ડીવાઈસોના આધુનિકીકરણ સાથે એ અગવડ અમુક હદ સુધી દુર થઈ ગઈ પણ આ મોર્ડન ઈન્સ્ટન્ટ મેસેજીસ એપ્લીકેશનો એનાથી પણ ચાર કદમ આગળ નીકળી ગયા. સ્માર્ટફોનોના આગમન સાથે અને દુનિયામાં ઈન્ટરનેટના વિસ્તરતા જતા જાળાના પ્રતાપે આવી કંપનીઓ દ્વારા અપાતી સુવિધાઓમાં સંદેશા મોકલવાની વિવિધ પદ્ધતિઓ નો ભરપુર સમાવેશ થતો ગયો. ટેક્સ્ટ મેસેજ ઉપરાંત ચિત્ર અને વિડીયો પણ મોકલી શકવાની સુવિધા ઉમેરાઈ. સાદી ભાષામાં મેસેન્જર તરીકે પ્રચલિત અને વેબ કે મોબાઈલથી ચાલતા આ એપ્સની મદદથી વોઈસ કે ટેક્સ્ટ મેસેજોની આપલે કરી શકાય છે. વોટ્સઅપને ખરીદી લેનાર માર્કનું જ ફેસબુક મેસેન્જર પણ આવું જ એક લોકપ્રિય એપ છે. ઓગસ્ટ ૨૦૧૧માં લોન્ચ થયેલું ફેસબુક મેસેન્જર શરૂઆતમાં સાદી ચાટ કે મેસેજીસ ની આપલે કરતા કરતા હવે વિડીયો કોલ અને પિક્ચર મેસેજીસ દ્વારા એના યુઝર્સને એકબીજા સાથે જોડી રાખવા માટે મશહુર છે. ફેસબુકના વપરાશકારોમાં નોંધાયેલા ઘટાડાએ જ માર્ક ઝુકરબર્ગને વોટ્સઅપની સાથે સોદાબાજી કરવા મજબુર કરી મુકેલ છે કારણ કે વોટ્સઅપની સરળ અને ત્વરિત તેમજ વિવિધતાસભર સેવાઓથી એના યુઝર્સમાં દિન પ્રતિદિન ઉછાળો જોવા મળતો હતો . રોજના લગભગ ૨ લાખ નવા યુઝર્સ વોટ્સઅપ સાથે જોડતા જતા હતા હવે ફેસબુક સાથે થયેલી ડીલ ને લીધે વોટ્સઅપના દુનિયાભર માં ફેલાયેલા ૪૫૦ લાખ યુઝર્સ આપમેળે જ ફેસબુકના યુઝર્સ ગણાઈ જશે અને આમ વોટ્સઅપની મદદથી ફેસબુક ફરીથી મેસેજિંગની દ્રષ્ટીએ એક પગથીયું ઉપર ચડી શકશે.

વોટ્સઅપ અને ફેસબુક મેસેન્જર જેવું જ લોકપ્રિય મોબાઈલ મેસેજિંગ એપ્પ્લીકેશન છે લાઈન. ૨૦૧૧માં સાઉથ કોરિયન કમ્પની દ્વારા ડેવલોપ કરાયેલું આ એપ યુઝર્સને ફ્રી વોઈસ કોલ, ટેક્સ્ટ મેસેજિંગની સાથે સાથે લાઈન ફ્રેન્ડ્સની સાથે ગેમ રમવાની સગવડતા પણ પૂરી પાડે છે . જો કે આમ જોવા જાવ તો લગભગ બધા જ મેસેજિંગ એપ્લીકેશનમાં આ બધા જ ફીચરો કોમન હોય છે. લાઈન જાપાન અને સાઉથ એશિયન દેશો ખાસ કરીને થાઈલેન્ડમાં જબરદસ્ત પોપ્યુલર છે . ત્રણ જ વર્ષમાં લાઈન વાપરનારની સંખ્યા ૩૦ કરોડને આંબી ગઈ છે . જો કે લાઈનનો વપરાશ ઉપરોક્ત દેશો સિવાય બીજા દેશોમાં હજુ જોઈએ એવો થતો નથી છતાં પણ ધીરે ધીરે આ એપ્સ પણ લોકપ્રિયતા તરફ આગળ વધી રહેલ છે . લાઈન જેવું જ અને લગભગ એટલા જ વપરાશકારો (૨૮ કરોડ) ધરાવતું પરંતુ ફ્રી કોલિંગ માટે વધુ વપરાતું એપ્સ છે વાઈબર. ડેટાપ્લાન કે વાઈફાઈ દ્વારા થઈ શકતા ફ્રી ફોન કોલની સગવડતાવાળું આ એપ્સ કદાચ જાપાનના ગેમિંગ ડેવલોપર જાયન્ટ દ્વારા ૯૦૦ મીલીયન ડોલરમાં ખરીદાઈ જશે એવા સમાચાર પણ છે, ચાઈનીસ ઈન્ટરનેટ કમ્પની ટેનસેન્ટ દ્વારા ૨૦૧૧માં બજાર માં મુકાયેલુ આ એપ્સ પણ ફ્રી કોલિંગ, મેસેજીસ જેવી સુવિધાઓ વાપરતા લગભગ ૨૭ કરોડ ગ્રાહકો ધરાવે છે જો કે એમાંથી ત્રીજા ભાગના જ ચીન બહારના છે.

મેસેન્જરોની જ વાત નીકળી છે તો બીબીએમ (બ્લેક બેરી મેસેન્જર) ને તો કેમ ભુલાય. હવે તો લગભગ ખત્મ થવાના આરે આવેલી બ્લેકબેરી કમ્પનીના મોબાઈલ્સનું જો કોઈ ખાસ અને અગત્યનું આકર્ષણ હતું તો એ હતું આ બીબીએમ. પોતાના સિક્યોર નેટવર્ક ને લીધે મશહુર બની ગયેલું આ મેસેન્જર ફક્ત અને ફક્ત બ્લેકબેરીના ફોન્સમાં જ આવતું હતું પણ કમ્પની ની થયેલી પડતીના પ્રતાપે હવે તો બીબીએમ એન્ડરોઈડ (સેમસંગ...વગેરે), મેક (એપલ) અને સામ્બિયન (નોકીયા) માં પણ વાપરી શકાય છે. એમ કહેવાતું કે બીબીએમ પર મોકલતા સંદેશા ટ્રેસ નથી કરી શકાતા અથવા તો હેક ન થઈ શકે એવું સજ્જડ નેટવર્ક ગોઠવેલું પરંતુ ધીરે ધીરે સુરક્ષાની દ્રષ્ટીએ ખતરનાક લાગતી આ સગવડ સામે વિવિધ દેશોમાં નોંધાવાયેલા વિરોધોને લીધે અને બીજા મેસેન્જરોની લોકપ્રિયતા અને બહેતર સર્વિસીસની આંધીની વચ્ચે બીબીએમની એ એકહથ્થુ સુવિધા પણ હવે આમ થઈ ગઈ છે. ૮૫૦ કરોડમાં ૨૦૧૧ માં માઈક્રોસોફ્ટ દ્વારા ખરીદાયેલું સ્કાઈપ (કે સ્કાઈપે?) પણ વધુ એક ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ જ છે. ટેક્સ્ટ કે ફોટો મેસેજિંગની બદલે મોટાભાગે વિડીયો કોલિંગ માટે વધુ વપરાતું આ એપ ઈન્સ્ટન્ટ મેસેજિંગ કે કોલિંગ માટેનું હાથવગું હથિયાર છે.

જો કે હવે તો મોબાઈલની સાથે સાથે જ વાઈબર, ફેસબુક મેસેન્જર, સ્કાઈપ, લાઈન જેવા ઈન્સ્ટન્ટ મેસેન્જરો ડેસ્કટોપ પરથી પણ વાપરી શકાય એવી રીતે જ ડેવલોપ કરાય છે પરંતુ જયારે મોબાઈલ એપ્સની સુવિધા નહોતી અથવા તો સ્માર્ટ ફોનોનો આવો જમાનો નહોતો આવ્યો એ અગાઉના સમયમાં પણ અનેક ઈન્સ્ટન્ટ મેસેજિંગ સર્વિસીસ પ્રચલિત હતી એમાંથી યાહુ અગ્રેસર હતી જો કે હવે વોટ્સઅપ જેવા આધુનિક એપ્સના મુકાબલે પાછળ પડી જવાથી યાહુ મેસેન્જરના વપરાશકર્તાઓમાં પણ જબ્બર ઘટાડો નોંધાયો છે છતાં પણ યાહુ મેસેન્જર ડેસ્કટોપ મેસેન્જર ની દુનિયાનું સરતાજ હતું, એ પછી ગુગલનું જી-મેલ અસ્તિત્વ માં આવ્યું અને જી-ટોક મેસેન્જરે યાહુ મેસેન્જરનું સ્થાન ધીરે ધીરે પચાવી પાડ્યું. આજે જો કે મોબાઈલ એપ્લીકેશનોના વધતા ચલણને લીધે ડેસ્કટોપ મેસેજિંગનો વપરાશ કદાચ બહુ ઓછો અને ખપ પુરતો જ થઈ રહ્યો છે. આ બંને સિવાય પણ એ.ઓ.એલ. (અમેરિકા ઓનલાઈન) અને એમએસએન મેસેન્જરનો પણ એક જમાનો હતો. આજે સ્માર્ટફોનોમાં મળતી સગવડતા અને ડેસ્કટોપ પર બેસવા માટેના ટાઈમની અછતને લીધે ડેસ્કટોપ મેસેન્જરો લગભગ નામશેષ થતા જાય છે જો કે એના જ હલ સ્વરૂપે એ જ બધા મેસેન્જરો હવે સ્માર્ટ ફોનના એપ બની ને કાર્યરત રહી શક્યા છે.

ઈન્સ્ટન્ટ મેસેજિંગના આ મહારથીઓ અબજો કમાય છે તો સામે ગ્રાહકને પણ પૂરેપૂરું વળતર પણ આપે છે. કેવી રીતે? આવો જોઈએ...રેગ્યુલર મેસેજીસ (એસ.એમ.એસ) ના કરતા વોટ્સઅપ કે બીજી એવી કોઈ એપ્સ પરથી કરેલો મેસેજ વધુ સસ્તો પડે છે. બીજું કે મેસેજ વિશ્વભરમાં ગમે ત્યાં મોકલો કોઈ રોમિંગ ચાર્જ કે અલગથી ચાર્જ નથી લાગતો , મેસેજ મોક્લાવની કોઈ લીમીટ નથી મનચાહે એટલા મેસેજો, તસ્વીરો, વિડિયોઝ મોકલી શકો છો. હા, આ બધા માટે તમારે એક નોર્મલ ઈન્ટરનેટ ડેટા પ્લાન લેવો જરૂરી છે પણ આજની ગળાકાપ સ્પર્ધામાં એ પણ સસ્તા ભાવે મળી જ રહે છે. આમ સરવાળે જોવા જાવ તો નોર્મલ ટેલીફોન કંપની કે મોબાઈલ કમ્પનીના મેસેજીસ ચાર્જીસ કરતા આમાં વધુ સસ્તી, સરળ અને વિવિધતાસભર સેવાઓ મળે છે.

જો કે ફાયદાઓની સાથે સાથે ગેરફાયદાઓ પણ છે જ, જેમ કે વોટ્સએપ જેવી સર્વિસ પ્રોવાઈડરના સર્વર માં તમારો મોબાઈલ નમ્બર સ્ટોર થઈ જાય છે જેને હેક કરીને એનો ગેરઉપયોગ પણ થઈ શકે છે અથવા તો ફેસબુક જેવા એપ્સમાં કે જયાં તમારી પર્સનલ ઈન્ફોર્મેશન, ઈમેલ આઈડી, વગરે હોય છે તેનો પણ મિસયુઝ થઈ શકે છે. એટલું જ નહિ પણ હવે તો ડાઉનલોડ વખતે જ તમારી કોન્ટેક્ટ બુક અને કોલ ડીટેલમાં ગમે ત્યારે એન્ટ્રી મારવાની કે ડોકાચિયું કરવાની છૂટ લઈ લે છે આમ લગભગ દરેક ઈન્સ્ટન્ટ મેસ્જીંગ વાપરતા મોબાઈલ ધારકનો કોલ અને કોન્ટેક્ટ ડેટા એની પાસે પહોચી જાય છે જેને એ લોકો પોતાના લાભ મુજબ ઉપયોગમાં લઈ શકે છે. વોટ્સઅપ પાછળ ૧૨૦૦ અબજ ડોલર જેવી જંગી રકમ ખર્ચવા પાછળનું એક કારણ આ પણ છે કે માર્કની કંપનીને બૈઠે બિઠાયે ૪૫૦ લાખ યુઝર્સની ડીટેલ મળી જશે. હમણાં જ પ્રકાશિત થયેલા એક રીપોર્ટ મુજબ મોબાઈલ માટેનું ફેસબુક મેસેન્જર એપ એ સૌથી ઓછું સુરક્ષિત ચાટ મેસેન્જર છે. એના પછીના ક્રમ માં યાહુ અને વિન્ડોઝ લાઈવ મેસેન્જરના મોબાઈલ એપ્સ છે. એ જ રીતે જો વાઈફાઈ વાપરતા હો તો મોલ , થીયેટર કે જાહેર જગ્યાઓ એ મળતું ઓપન નેટવર્ક વાળું વાઈ ફાઈ વાપરી ને કરાતુ ઈન્સ્ટન્ટ મેસેજિંગ જોખમકારક બની શકે છે કારણ કે ઓપન નેટવર્ક થ્રુ તમારા મેસેન્જર કે મેસેજીસને બ્રેક કરી શકાય છે. શક્ય હોય ત્યાં સુધી જાહેર જગ્યા એ ઓપન વાયફાય નેટવર્કનો યુઝ ટાળવો. એક સરખા કે ભળતા નામ ધરાવતા અથવા તો ભ્રામક રીતે અસલ એપ્સનું નામ વાપરતા મેસેજિંગ એપ્લીકેશન ડાઉનલોડ કરતા પહેલા કે વાપરતા પહેલા ડબલ ચેક કરવું. જો કે એવી ટર્મ્સ એન્ડ કન્ડીશન્સ આજ સુધી કોઈએ વાચી છે તે હવે વાંચવાના?

***વિસામો :***

***નરેન્દ્ર મોદીની 'ચાપ પે ચર્ચા' સામે અરવિંદ કેજરીવાલ જો આવો જ કાર્યક્રમ શરૂ કરે તો એનું નામ હશે 'કફ-સીરફ વિથ કેજરીવાલ'...!!!***